

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*રાહતનો બૂરખો ઓઢાડી જીએસટી પાછો ખેંચો,*
*બેન્કોને ઘેને પોઢાડી નોટ બદલી પાછી ખેંચો.*
*ખેંચી લ્યો 'આધાર' નિરાધાર હતા તો સારું હતું -*
*મજા હતી પછાતમાં, ગાંડો વિકાસ પાછે ખેંચો!!*
*(બહાદુરી ભરી પીછેહઠ)*

### હાઈકુ

*નથી જે દેતો !*
*કોડથી ઓછું ખાવા -*
*કોઈને પણ...*
*(જય શાહ નિયમમાં જ છે)*

*બન્યાં જરૂરી,*
*શૌચ સ્થાન, પદે પદે -*
*મોંઘવારીમાં...*
*(સાથે સફાઈ ઝૂંબેશ)*

### ચિંતન

*અનિર્વેદઃ શ્રિયો મૂલં લાભસ્ય ચ શુભસ્ય ચ ।*
*મહાન ભવત્યનિર્વિણ્ણઃ સુખં ચાનન્તમશ્નુતે ॥*

**ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.**

**ઉદ્યોગ પરાયણતા - પુરુષાર્થ (અનિર્વેદ) લક્ષ્મી, લાભ, અને કલ્યાણ (શુભ)નું મૂળ છે. પુરુષાર્થમાં મગ્ન (અનિર્વિણ્ણ) મનુષ્ય મહાન થઈ જાય છે અને અનંત સુખ પ્રાપ્ત કરે છે.**

**ઉદ્યોગ ન હિ સિધ્યન્તિ કાર્યાણિ, સર્વ કાર્યો ઉદ્યોગ - પુરુષાર્થથી જ સિદ્ધ થાય છે.**

**આજકાલ યુવાનોમાં 'આળશ' ઘર કરી ગયું. મોબાઈલ-લેપટોપ - ટીવીનો નશો તેમને વ્યસની અને આળસુ બનાવે - 'બે મિનિટ' પછી કાલે - થાય છે કરું છું નો ફેવીકોલ એમને આળશ સાથે મજબૂત રીતે ચોંટાડી રાખે છે.**

### સુવિચાર

- આવતીકાલની ચિંતા - ફિકર ન કરો આવતીકાલ એની પોતાની ચિંતાઓ લઈને આવવાની હશે તો આળશે, આજની મુશ્કેલીઓ આજના માટે પૂરતી છે - **અખંડ આનંદ**
- મારી જ પાસે છે, મારી જ નિયતિની ચાવી - **માયા એન્જેલુ**
- પ્રશ્ન સ્વર્ગમાં જવાનો નથી, પણ સ્વર્ગમાં કઈ રીતે એની કળાને પામવાનો છે - **ઓશો**
- માણસ સૌથી વધારે યાતના ભોગવે છે બીજા કશાને લીધે નહીં પણ પોતાના વિચારોને કારણે - **તોલ્સ્ટોય**
- મોટા મામસો મોટા છે એનું કારણ આપણે એમને ઘૂંટણિયે પડેલા છીએ - **અમૃતબિંદુ**
- પ્રશ્નોનો ઉકેલ એ જિંદગી નથી પણ વાસ્તવિકતાનો અનુભવ એ જિંદગી છે - **સંત રોબિન**
- આજનું ઔષધ : પ્રોસ્ટેટની તકલીફ હોય તો બેઠાડું જીવન ન જીવવું શ્રમ કરવો તથા કબજિયાત થવા ન દેવી

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

વિનુ માંકડ એક સારા ક્રિકેટર અને સંવેદનશીલ વ્યક્તિત્વ. એકવાર માટુંગા જીમખાનામાં દુલિપ ટ્રોફીની મેચ રમવામાં વિનુ માંકડે છક્કો માર્યો. દરેક ગેલેરીમાં બેઠેલ પાંચ વર્ષના એક બાળકને દડો વાગ્યો. બાળક ચક્કર ખાઈને પડી ગયો.

વિનુ માંકડ ને ખ્યાલ આવ્યો કે કંઈક ગરબડ થઈ છે. ફિલ્ડ છોડીને તરત તેઓ ઘટના સ્થળે પહોંચ્યા અને બાળકને તાત્કાલિક હોસ્પિટલ મોકલવાની વ્યવસ્થા કરી.

મેચ પૂરી થયા પછી સાંજે બાળકની તબિયત જોવા માટે એ હોસ્પિટલ ગયા. બાળકના પરિવારજનોની એમણે ક્ષમા માંગી અને બાળકની સારવારમાં થતો ખર્ચો એ ખુદ ઉપાડી લેશે એની હોસ્પિટલના સ્ટાફને સૂચના આપી પાછા ફર્યા.

# ભાજપ માટે સમસ્યાઓનો દોર શરૂ

**તંત્રીસ્થાનેથી...**

'હું ખાતો નથી ને ખાવા દેતો નથી. મારે કોઈ પરિવાર નથી -' સંવેદનશીલ વિધાનોથી દેશ અને દુનિયાને ઘેલું લગાડનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે બરાબર ગુજરાતની ચૂંટણીઓ ટાણે જ નવી સમસ્યા ઊભી થઈ છે અને તે છે એમના વિશ્વાસુ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના પુત્રની ટૂંકા ગાળામાં નોંધાયેલી અધધધ આવક. વિરોધીઓ જેની કાગાડોળે રાહ જોઈ રહ્યા હતા એવી તક એમને સામે ચાલીને મળી ગઈ છે. અમિત શાહના પદ અને પ્રભાવનો લાભ મેળવી એમના સુપુત્રે સત્ય સાંઈબાબાના ચમત્કાર જેવી આર્થિક સિદ્ધિ ચપટી વગાડતાંમાં શી રીતે હાંસલ કરી તે માત્ર કોંગ્રેસ કે ભાજપ વિરોધી અન્ય પક્ષો માટે જ નહીં બલકે દેશ અને સવિશેષ ગુજરાતની પ્રજા માટે પણ મસમોટા કુતૂહલનો વિષય છે. આ મુદ્દે તપાસ થવી જોઈએ અને એ વિપક્ષ આક્ષેપ કરે છે કે સોશિયલ મીડિયામાં સતત ટીકા થવા લાગી છે એવો 'મની લોન્ડરિંગ'નો કેસ છે કે નહીં તેનો ખુલાસો થવો જોઈએ એવું ખુદ ભાજપના વરિષ્ઠ નેતાઓ ઈચ્છતા હશે. વડાપ્રધાન માટે આ કોઈ નાનીસૂની શિરોવેદના નથી એમ અમિત શાહ માટે પણ એન ચૂંટણી ટાણે જ આવા સવાલોના જવાબ આપવાનું મુશ્કેલ પડશે એમાં બે મત નથી. દિલ્હીના 'ધ વાયર' ન્યૂઝ પોર્ટલ દ્વારા પ્રકાશિત લેખ પછી ઊભી થયેલી પરિસ્થિતિનો કાનૂની રાહે સામનો કરવા અમિત શાહના પુત્ર જય શાહે એની સામે બદનક્ષીનો દાવો પણ દાખલ કર્યો છે. પરંતુ એક વાર વાયરલ થયેલા સમાચારોને અદાલતમાં પડકારવા માત્રથી વાત પતી જતી નથી. પચાસ હજારની મૂડી ધરાવતી કંપનીનો બિઝનેશ એક જ નાણાંકીય વર્ષમાં સોળ હજાર ગણો થઈ જાય જેમાં પચાસ કરોડ વિદેશી સ્ત્રોતોમાંથી આવ્યા હોય, વળી કશા જ અનુભવ વગર એને વિદ્યુત મંત્રાલય હસ્તકના એકમ દ્વારા કરોડોની લોન અપાય - એ તમામ બાબતો શંકાના દાયરામાં જ આવે. જયરામ રમેશ જેવા પ્રબુદ્ધ કોંગ્રેસી આગેવાને અમિત શાહનું રાજીનામું લઈ આ મુદ્દે ન્યાયિક તપાસ આપવા વડાપ્રધાનને સૂચન કર્યું છે. જો કે રોબર્ટ વાડરા પ્રકરણમાં અને નેશનલ કેસમાં સંડોવાયેલા - નહેરુ - ગાંધી પરિવારે હજી આ મુદ્દે કોઈ નિવેદન નથી કર્યું તે સૂચક છે. રાહુલ ગાંધી ગુજરાતના પ્રવાસે આવીને 'વિકાસ ગાંડો થયો છે' વાળું વાજું જ વગાડ્યા કરે છે. અડવાણી, બાંગારુ લક્ષ્મણ અને નીતિન ગડકરી પર આવા જ ખરાખોટા આર્થિક આક્ષેપો થયા હતા ત્યારે એમણે પ્રમુખ પદનું રાજીનામું આપી દીધું હતું અને સરકારી હોદ્દાઓ 'ક્લીન ચીટ'ન મળે ત્યાં સુધી છોડી દીધા હતા. શું અમિત શાહ પણ એમના એ પૂર્વ પ્રમુખોએ પ્રશસ્ત કરેલી નૈતિકતા દાખવી શકશે ? પ્રશ્ન ઘણો પેચીદો છે કારણ કે મોદી માટે અમિત શાહનું પ્રમુખ પદ પર ટકી રહેવું કેટલું જરૂરી છે તે સર્વવિદિત છે. પ્રથમ ટર્મ પૂરી થઈ ગયા પછી પણ અમિત શાહને પ્રમુખ તરીકે ચાલુ રાખવા પાછળનો હેતુ બહુ જ સ્પષ્ટ હતો. મોદી પાર્ટીમાં સત્તાનું બીજું કેન્દ્ર ન સરજાય એનું બરાબર ધ્યાન રાખીનો જ અમિત શાહનો ગુજરાતના રાજકારણમાંથી ઊંચકીને રાષ્ટ્રીય રાજકારણમાં લઈ ગયા હતા. વળી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી સુધી તેઓ રાષ્ટ્રીય અધ્યક્ષ રહે એ મોદી માટે ખૂબ જરૂરી છે, તેથી સ્તો આવા સક્ષમ નેતાઓ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પ્રોજેક્ટ કરવાનું એ ચૂકી ગયા અને ગુજરાત ભાજપ પાસે મુખ્યમંત્રીના ચહેરા બાબતે ધૂંધવાટ શરુ થયો. આનંદીબેન પટેલને પુનઃ સક્રિય કરવાની ફરજ પડી, જેથી અસંતુષ્ટ પાટીદાર સમાજને એવો ગર્ભિત મૅસેજ પહોંચે કે બહેન પાછાં આવી રહ્યાં છે. જો કે નારાજ આનંદીબેન હાઈકમાન્ડની આ ચાલને નિષ્ફળ બનાવતું પગલું ભરતાં પોતે માત્ર કાર્યકર્તા તરીકે સક્રિય રહેશે અને પંચોત્તેર વટાવી દીધાં હોઈ કોઈ જ પદ કે હોદ્દો ધારણ નહીં કરે એવી સ્પષ્ટ કરતો પત્ર અમિત શાહને પાઠવીને વધુ એક માસ્ટરસ્ટ્રોક માર્યો છે. ભાજપની અંદરના આ ધૂંધવાટને કોંગ્રેસ કેટલો વટાવી શકશે તે તો સમય જ કહેશે.

# તમે સૌ સૌભાગ્યવતી રહો



**નવાં કલેવર**

નટવર હેડાઉ

ઉત્તર ભારતીયોની વસ્તી વધતાં અમદાવાદના ચાંદખેડાની સોસાયટીમાં કરવા ચૌથની રૌનક દેખાઈ રહી હતી. સુહાગ પર્વની સંધ્યાએ ભાગ્યક્ષી અને તેની સખીઓ સુધા દીદીના આંગણામાં બેસીને તેની રાહ જોતી હીત. જે દર વરસે આ દિવસે ટોપલો ભરીને કરવડા, લાલ લીલી સોનેરી રૂપેરી કાચની બંગડીઓ, કાજલ, મહેંદી, ટીલડી લઈને આવતી અને એકાદ કલાકમાં તેની બધી ચીજો વેચાઈ જતી. તે સૌને હંસીખુશીથી શુભેચ્છા પાઠવતી રાજી રાજી થતી ખાલી ટોપલો લઈ ચાલી નીકળતી. તેનો ઠસ્સો પણ ગજબનો હતો. ચટક રંગની ચમકીલી સાડી પહેલી હોય અને કપાળે રૂપિયા જેવડો લાલચટ્ટક ચાંદલો કર્યો હોય તેના બંને હાથે રંગબેરંગી બંગડીઓથી ભરેલા હોય તેને ખનકાવતી અને પાનથી રંગાયેલા લાલ હોઠ મલકાવતી હવાની લહેરખીની જેમ આવતી તેનું નામ પણ એવું કે જીભ પર મીઠાશ છવાઈ જાય.

તે હજુ સુધી આવી કેમ નહીં દરેકની જીભે એ જ સવાલ હતો. ત્યાં જવાબ મળી ગયો શેરીના નાકે રમતાં છોકરાંઓના શોરબકોરથી... ભાગ્યવતી આવી... ભાગ્યવતી આવી.

આંગણામાં બેઠેલ બધી યુવાન સ્ત્રીઓ એ રીતે ઊભી થઈ ગઈ જાણે કે ભાગ્યવતી નહીં તેમનું ભાગ્ય આવી ગયું. નસીબ ઉઘડી ગયું.

પણ અરે, આ શું ? ભાગ્યશ્રીના પગ નીચેથી જાણે કે જમીન સરકી ગઈ.

તેની સામે ચમકતી દમકતી ભાગ્યવતી નહીં પણ જૂની મેલીઘેલી સફેદ સાડી વીંટેલા, ચાંદલા વગરના ચોખ્ખાં કપાળ વાળી ભાગ્યવતી આવી ઊભી. તેનો સેંથો પર પુરેલો ન હતો અને હાથ પણ અડવા હતી.

'આ બધું શું થઈ ગયું ભાગ્યવતી?' ભાગ્યશ્રીએ બેચેનીથી તડપતાં પૂછ્યું. ત્યારે તે ફિક્કુ હંસી 'બહેન, આજે શુકનની વેળાએ કંઈ ન પુછો, આવો છોકરીઓ તમને બંગડી પહેરાવી દઉં.'


પણ ભાગ્યશ્રી સિવાય કોઈએ તેની પાસેથી એક રૂપિયાની પણ કોઈ ચીજ લીધી નહીં! તે પરિસ્થિતિ ને સમજી ગઈ અને 'તમે સૌ સૌભાગ્યવતી રહો' એવા આશીર્વાદ આપતી પોતાના મુરઝાયેલા ચહેરો ભરેલો ટોપલો માથે મુકી ચાલી નીકળી.

તેના જતાં જ સુધા દીદી ભાગ્યશ્રી પર વરસી પડ્યાં. 'તને કંઈ ભાન પડે છે. તારું મગજ ઠેકાણે છે કે નહીં?' તેં આની પાસેથી બંગડીઓ ખરીદી જેનો પોતાનો સુહાગ રહ્યો નથી, અપશુકનીયાળ...

'બસ દીદી, હવે આગળ એક પણ શબ્દ ન બોલતાં. ભણેલ ગણેલ હોવા છતાં તમે આવા સંકુચિત વિચારો ધરાવો છો. તમારી સાથે વિવાદ કરવો નક્કામો છે ભગવાનથી ડરો.' કહેતા દુઃખી મને ભાગ્યશ્રી પોતાના ઘેર જતી રહી.

સાંજે પતિદેવની સાથે કરવાચૌથની રોંનક જોવા અને ફળફળાદી તેમજ મીઠાઈ ખરીદવા તે બજારમાં ગઈ ત્યાં ઉત્સુકતાવશ તે ત્યાં પહોંચી અને ભીડને ચીરતી આગળ વધી તો સુખદ આશ્ચર્યમાં સરી પડી. લાંલ પાલવવાળી પીળી સાડી પહેરેલ, રૂપિયા જેવડો ચાંદલો ચોડેલ, પાન ચાવતી તે હંસી હંસીને સુહાગણોને ચૂડીઓ પહેરાવી રહી હતી. ભાગ્યશ્રી સામે નજર મળતાં તેની આંખોમાં લાચારીનો ભાવ આવી ગયો. તેને હાથ જોડી દીધા.

# જીવન એટલે મીઠાશની લ્હાણી કરવાનો અમૂલ્ય અવસર



**ગુલમહોર**

દિનેશ દેસાઈ

અંગ્રેજ ચિંતક-વિચારક-લેખક રૉબર્ટ ફ્રૉસ્ટે કહ્યું છે કે "તમે જ્યારે કોઈ પણ કામ કરો છો, ત્યારે એ કામમાં ઓતપ્રોત થઈ જાઓ અને એ કામ પ્રત્યે ભરોસો રાખો. તમારી હકારાત્મકતા તમને ચોક્કસ સફળતા અપાવશે."

આપણી સમસ્યા એ જ હોય છે કે જે કાર્ય હાથ ઉપર લઈએ ત્યારે એ કાર્ય શરુઆતમાં કઠિન લાગવા માંડે છે, અશક્ય લાગે છે. સ્વયં ઉપર યાને આપણી જાત ઉપર જ ભરોસો રહેતો નથી અને સંશય તથા સવાલ થવા માંડે છે કે આ કાર્ય હું કરી શકીશ કે નહીં, કાર્ય પુરું થશે કે નહીં. બસ આપણી સફળતા આડેનો અવરોધ આપણે ખુદ બની જઈએ છીએ.

**આપણે એ વાતના સાક્ષી છીએ કે મીઠાશની તલાશ કીડીને પણ હોય છે અને મધુમાખીને પણ હોય છે. કીડી પોતાના ઉપયોગ માટે મીઠાશ એકત્ર કરે છે જ્યારે મધુમાખી મીઠાશનો સંગ્રહ કરે છે જે હંમેશા બીજાને ઉપયોગમાં આવે છે. મીઠાશ યા સુગંધમાં જીવન શોધવાના બદલે આપણે જીવનમાં મીઠાશ અને સુગંધ ભરી લઈએ.**

વાસ્તવમાં આપણે ભગવાન અથવા કોઈ અન્ય વ્યક્તિ ઉપર ભરોસો યા વિશ્વાસ મૂકવાની જરુર તો છે જ, પરંતુ સૌપ્રથમ આપણને આપણી જાત ઉપર જ ભરોસો અને વિશ્વાસ હોય એ અત્યંત જરુરી છે. સ્વયં પરનો વિશ્વાસ એટલે જ હકારાત્મકતા. પૉઝિટિવિટી સફળતાની પૂર્વશરત છે. ખુબ જાણીતા બે અંગ્રેજી સ્લૉગન છે. (૧) યસ, આઈ કેન અને (૨) યસ, આઈ વિલ ડુ. હું આ કાર્ય ચોક્કસ કરી શકું. કેમ ન કરી શકું?

"શ્રીમદ્ ભગવદ ગીતા"માં ભગવાન શ્રીકૃષ્ણે કહેલા ઉપદેશવચનમાં જાણીતું કથન છે કે "સર્વધર્માન્ પરિત્યજ્યે, મામેકમ્ શરણમ્ ભજઃ" ભગવાન અર્જુનને બધા સંશય મૂકી દેવા અને પોતાને શરણે આવવા કહે છે, પોતાની વાત માનવા કહે છે. ભગવાન શ્રીકૃષ્ણ જે ઉપદેશવચન આપી ગયા છે, એ જ વાત ભગવાન બુદ્ધે પણ કરી છે.

ભગવાન બુદ્ધના સારગર્ભ સૂત્રમાં સ્પષ્ટપણે કહેવાયું જે કહેવાયું છે એવી વાત પણ કરીએ. (૧) "બુદ્ધમ્ શરણમ્ ગચ્છામિ" યાને ભગવાન બુદ્ધના શરણે જવાનું કહેવાયું છે. સ્વરુપનિષ્ઠાની વાત પણ આવી જાય. બધા ધર્મ યા માન્યતા છોડીને એક માત્ર ભગવાન બુદ્ધના શરણે પ્રયાણ કરવાની વાત છે. એમાં વિશ્વાસ, વફાદારી, એક જ માલિકની ભક્તિ જેવા મુદ્દા પણ આવી જાય છે.

બુદ્ધના બીજા સૂત્રની વાત કરીએ. (૨) "સંઘમ્ શરણમ્ ગચ્છામિ" યાને સંઘનિષ્ઠા. સૌ પ્રત્યે સંપનો ભાવ અને સૌ પ્રત્યે સુહૃદભાવ રાખવો. અઘરું હોઈ શકે, અશક્ય નથી. દરેક વ્યક્તિ ઈશ્વરનું સંતાન છે. કોઈ વ્યક્તિ નાનો કે મોટો નથી. દરેક પ્રત્યે આપણો સમાન ભાવ કેળવાય. વ્યક્તિ કર્મે નાનો કે મોટો હોઈ શકે. છતા દરેક નાની કે મોટી વ્યક્તિમાંથી આપણે ગુણ ગ્રહણ કરી શકીએ. કંઈક શીખી અને સમજી શકીએ.

બુદ્ધના ત્રીજા સૂત્રને પણ સમજીએ. (૩) "ધમ્મમ્ શરણમ્ ગચ્છામિ" યાને ધર્મના શરણે જવાનો અનુરોધ યા દિશાદર્શન કરવામાં આવ્યું છે. "હું ધર્મના શરણે પ્રયાણ કરું છું." અથવા "હું ધર્મનું શરણ સ્વીકારું છું." અહીં સ્વધર્મનિષ્ઠાનો ભાવ પ્રગટ થાય છે. પોતાના ધર્મ પ્રત્યે નિષ્ઠા એ જ મોટી વાત છે. પોતાના ધર્મ તરફ અતૂટ શ્રદ્ધા અને નિષ્ઠાનો ભાવ કેળવાય એ જરુરી છે. એક ધર્મ, એક સ્વરુપ, એક ગુરુ પ્રત્યે સમર્પણભાવ રહે એ પણ ધર્મ છે.

બુદ્ધના ચોથા સૂત્રની વાત કરીએ. (૪) "કર્મમ્ શરણમ્ ગચ્છામિ" અહીં કર્મના શરણે જવાની વાત કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ માટે ભણવું એ તેમનું કર્મ છે. નોકરી કરનાર માટે પોતાની નોકરી એ પોતાનું કર્મ છે. તો વ્યવસાયીઓ માટે પોતપોતાનો વ્યવસાય એ પોતાનું કર્મક્ષેત્ર છે. તમે તમારા કર્મને સારી રીતે પાર પાડો એ પણ ધર્મ જ છે. ધર્મ એટલે ધાર્મિકતા નહીં. તમે જે નોકરી યા ધંધો કરો છો, એ ક્ષેત્રમાં રહેલા મૂલ્યોની જાળવણી જો તમે શ્રેષ્ઠ રીતે કરી શકો તો એનાથી સૌથી મોટો કોઈ ધર્મ ન હોઈ શકે.

જીવન એટલે મીઠાશની લ્હાણી કરવાનો અમૂલ્ય અવસર. આપણે એ વાતના સાક્ષી છીએ કે મીઠાશની તલાશ કીડીને પણ હોય છે અને મધુમાખીને પણ હોય છે. કીડી પોતાના ઉપયોગ માટે મીઠાશ એકત્ર કરે છે જ્યારે મધુમાખી મીઠાશનો સંગ્રહ કરે છે જે હંમેશા બીજાને ઉપયોગમાં આવે છે. મીઠાશ યા સુગંધમાં જીવન શોધવાના બદલે આપણે જીવનમાં મીઠાશ અને સુગંધ ભરી લઈએ.

કીડી અને મધુમાખી બેઉ જીવ મીઠાશની ખોજમાં જ ભમતા રહે છે. અહીં પાયાનો તફાવત તમે જોઈ શકો કે કીડી જે મીઠાશની ખોજ કરે છે અને જે મીઠાશ મેળવે છે, તે માત્ર પોતાના માટે જ હોય છે. કીડીની સમગ્ર પ્રક્રિયા યા ઉપક્રમ સ્વકેન્દ્રી હોય છે. બીજી તરફ મધુમાખી જે મીઠાશ મેળવે છે તેનો ઉપયોગ કરવા કરતા તેનો સંગ્રહ કરતી રહે છે. એ મધ હંમેશા બીજા માટે જ ખપ લાગે છે. આમ મધુમાખી સ્વકેન્દ્રી નથી, તે પરોપકાર માટે આજીવન કર્મ કરતી રહે છે.

"શ્રીમદ્ ભગવદ ગીતા"માં ભગવાને બે પ્રકારની ભક્તિનો સંદર્ભ આપ્યો છે. (૧) સકામ ભક્તિ અને (૨) નિષ્કામ ભક્તિ. દુનિયાભરની તમામ ચીજો, ધન-સંપત્તિ, વૈભવ, વાસના, ઈચ્છા, આકાંક્ષાઓ પરિપૂર્ણ થાય એ માટે કરવામાં આવતી ભક્તિ એટલે સકામ ભક્તિ. જ્યારે તમામ પ્રકારની લોકલાજ મૂકીને, સ્વભાવ મૂકીને, લાજ-શરમ મૂકીને, ઈર્ષા, અસૂયા, વાસના, કામના, આશા, તૃષ્ણા વગેરેનો ત્યાગ કરીને કોઈ અપેક્ષા વિના માત્ર બ્રહ્મભાવે કરવામાં આવતી ભક્તિ એટલે નિષ્કામ ભક્તિ.

જસ્ટ ટ્વીટ :

"શ્રદ્ધા અને સાધના વિનાની ધર્મ-ભક્તિ વ્યર્થ છે."

- પૂજ્ય ડૉંગરેજી મહારાજ

# મલ્ટીલેવલ મર્કટલીલા...!! ધોળે દિવસે તારા દેખાડવાનો ધીકતો ધંધો...!!



**Hello ફ્રેન્ડસ !**

સંજય થોરાત 'સ્વજન'
mail@sanjaythorat.com

'શું પંકજભાઈ? શું કરો છો આજકાલ?' સોમવારની સવારે અગિયાર વાગે મિત્રોએ નોક કર્યા વગર જ સરકારી ઑફિસની કેબીનમાં અડ્ડો જમાવ્યો.

'સરકારી નોકરી, બીજું શું ?'

'એટલે અધિકારીને? તમારે તો કેટલી ઓળખાણ હશે ને ?' એણે વિઝીટીંગ કાર્ડના ફોલ્ડર તરફ લાલચુ નજર ફેરવતાં પૂછ્યું.



'હા, ઓળખાણ પણ ખરી, ને બબાલ પણ ખરી...'

'પણ તમે ઓળખાણનો ફાયદો લેતાં હોય તો ? જો લોકોને તમારા પર ભરોસો છે. તમે એકાદી સારી વસ્તુ ખરીદો, તમને ગમે એટલે બીજાને સૂચવો કે નહીં ? હવે આપણાં એ ઓળખીતાને સારી વસ્તુ મળે, પેલી કંપનીને પણ ફાયદો થાય. પણ આપણને શો ફાયદો થાય ? એટલે આપણે કોઈકને એ વસ્તુ લે એમ કહીએ અને જો એણે લીધી તો એનું કમિશન આપણને મળવું જોઈએ કે નહીં ? જુઓ હું પણ એક પ્રોડક્ટ વેચું છું અને એમાંતી ઢગલો કમાવું છું.'

કોઈ કંપની પ્રોડક્ટ બનાવે એટલે જાહેરાત, વિતરણ, હોલસેલર, રિટેલર આમ બધાંનો ખર્ચો અને પ્રોફિટ જોડતાં જે વસ્તુ આપણને મળે એ મૂળ કિંમત કરતાં આપણને ખૂદ મોંઘી મળે છે. અમારી ક્રાંતિકારી કંપનીએ આ આખી ચેઈન જ તોડી પાડી છે. અને ડાયરેક્ટ માર્કેટીંગનો નવો ફંડા અમલમાં લાવ્યા છે. અને એના કારણે આ વચેટીયાના પૈસા ડાયરેકટ વિક્રેતાને મળે છે. હવે આ કેસમાં પંકજભાઈ તમે ડાયરેક્ટ મુખ્ય વિક્રેતા બનશો. તમે 'ગોલ્ડન એચિવર' કહેવાશો. તમારા કલાર્ક અને પટાવાળા તમારી ડાઉનલીંક બનશે. એ લોકો તમારા મેમ્બર બને એટલે તમને દરેકના ૫૦૦ રૂપિયા મળશે. એ બધાં બબ્બે મેમ્બર બનાવે એટલે એમને ૫૦૦ રૂપિયા અને તમને ૨૫૦ રૂપિયા મળશે.

**નથી આસાન તોય માણવાની છે,**
**જિંદગી અઘરી છતાં મજાની છે.**
**છો બધું ધાર્યું થતું નથી આપણું,**
**પણ થાય એમાં ખુશી શોધવાની છે!**

જે જેટલા વધુ મેમ્બર બનાવશે એટલા એને વધુ રૂપિયા મળશે. શરુઆતના મેમ્બર બનાવવામાં થોડી તકલીફ પડશે, પણ પછી તો આપોઆપ ચેક આવતા જ જશે. એક વર્ષ જો તમે સરખી મહેનત કરશો તો વહેલું વીઆરએસ લઈ લેશો. જિંદગી આખી પછી જલસા જ છે.'

પંકજભાઈ બોલ્યા, 'ખાલી મેમ્બર બનાવવાથી જ આટલાં બધાં રૂપિયા?' આ તો જોરદાર સ્કિમ છે. આટલા દિવસ કયાં હતા તમે?' એના માટે ચા મગાવી, પીવડાવી પછી કહું છું, 'કહીને એને વિદાય કરી દીધો. એ કેબીન બહાર જતાં જ પહેલું કામ એને બ્લોક કરવાનું કર્યું. આ ભાઈની કંપનીમાં કોઈ રૂપિયા રોકતા નહીં એવી સૂચના એમણે ફટાફટ કલાર્ક અને પટ્ટાવાળાને આપી દીધી.'

અને, તો પણ પંકજભાઈને શંકા હતી એમ જ થયું, એક હેડ કલાર્ક ભટ્ટ એ સ્કિમનો મેમ્બર બની જ ગયો. કારણ એમણે એ ભટ્ટને બીજા કલાર્ક સાથે વાત કરતા સાંભળ્યો કે, 'આપણાં સાહેબને ધંધામાં કંઈ ખબર પડતી નથી. ખાલી સાહેબી ઠોકતા આવડે છે. એ એમનાં મિત્રોની પ્રગતિથી બળે છે, એટલે એ મેમ્બર બનતાં નથી, અને આપણને બનવાં દેવા નથી.'

પંકજભાઈની શંકા ત્યારે સાચી ઠરી જયારે ઘણાં લોકો એ કલાર્ક ભટ્ટને શોધવા એમની ઑફિસ ખૂલે એ પહેલાં આવી જતાં. એણે એમને ગોલ્ડન એચિવર, ડાયમંડ એચિવર વગેરે વગેરે ભરાવીને એમનાં મિત્રની કંપનીમાં મેમ્બર બનાવી દીધા હતા. શરુઆતમાં તો એમને નિયમિત પૈસા મળતા રહ્યા. પણ પછી એ કંપનીએ આપેલા ચેક બાઉન્સ થવા લાગ્યા. કલાર્ક ભટ્ટ રજા પર ઊતરી ગયો હતો. પણ થોડાં જ દિવસોમાં પોલીસે એની ધરપકડ કરી જેલના સળીયા પાછળ મોકલી દીધો. ભારતમાં મલ્ટીલેવલ માર્કેટીંગમાં પ્રથમ માણસ ફસાયો એ વાતને ચાલીસ વર્ષ થઈ ગયા, અને છતાંય આજે પણ લોકો વારંવાર કેમ ફસાય છે કોને ખબર ?

પંકજભાઈ વ્હિલેચર પર લંબાવીને વિચારતાં હતા કે આ મને મળવા કે ભરાવવા આવેલો મિત્ર તો કંઈ નહીં, એવા મહાન લોકો સેમિનારમાં મળે છે... આ સેમિનારનો નિયમ હોય કે ટાય પહેરીને જ આવવાનું. કોઈ સરસ એ.સી. હૉલમાં સેમિનાર નામનો ગાળીયો તૈયાર હોય છે. ત્યાં બધાં લાલચુઓ ટાય પહેરીને લાળ ટપકાવતાં બેઠાં હોય છે. હોલ આખામાં પોસ્ટલ, બેનર લગાડેલાં હોય છે. ટૂંકા સ્કર્ટ પહેરેલી લલનાઓ ચોકલેટ્સ - પેમ્ફ્લેટ્સ આપી જાય છે...

**અનુસંધાન પાના નં. ૭ પર**

## વિસરાતી વાનગી



### જુવાર ને લીલવાનો હાંડવો

**સામગ્રી :**

૧ કપ જુવારનો લોટ, ૧ કપ ઢોકળાનો લોટ (૧ વાટકી ચોખા + ૧/૨ ચણાની દાળ કકરી દળેલી), ૧ - કટકો દૂધી, ૧ - કટકો આદુ, ૨૫ ગ્રામ તુવેરદાણા, ૨૫ ગ્રામ લીલા વટાણા, ૨૫ ગ્રામ કોબી છીણેલી, ૨૫ કાકડી છીણેલી, ૧ કપ - ફળગાવેલ મગ, ૬ નંગ - લીલા મરચાં, ૩ વાટકી દહીં અથવા ખાટી છાશ, ૧ ચમચી - મીઠા સોડા મીઠું પ્રમાણસર, વઘાર માટે : સીંગતેલ - ૪ ચમચ ટેબલ સ્પૂન, રાય - ૧ ટેબલ સ્પૂન, હીંગ ૧/૨ ટેબલ સ્પૂન, તલ - ૧ ટેબલ સ્પૂન, અજમો - ૧/૨ ટેબલ સ્પૂન, આખુ લાલ મરચા - ૬ નંગ

સૌ પ્રથમ જુવાર લોટ, ઢોકડાનો લોટ ને તેમાં છાસ નાખી ૬ થી ૭ કલાક આથો આવે એ રીતે ડબ્બામાં મુકવું. ત્યારબાદ આથો આવેલ ખીરામાં. દૂધીનું છીણ, કોબી, કાકડીનું છીણ, ફણગાવેલ મગ, ક્રશ કરેલ, તુવેર દાણા, વટાવા, આદુ, મરચાની પેસ્ટ પ્રમાણસર મીઠું બધું જ મિક્સ કરી હલાવી દેવાનું.

**વઘાર કરવો :**

એક લોયામાં તેલ નાખી. તેમાં રાય, તલ, અજમો, હીંગ, તલ, લાલ મરચાં, બધુ ઉમેરી દેવાનું, ત્યારબાદ અડધો વઘાર બહાર કાઢી લેવાનો અડધા વઘારમાં તૈયાર ખીરુ હોય ત્યારે ૧ ચમચ સોડાની હલાવી નાખી દેવાનું ૧૫ થી ૨૦ મિનિટ ધીમા તાપે ને ઢાંકી દેવું ફરી ઉથલાવી તેમાં રાખેલ વઘાર નાખી દેવો. તૈયાર થયેલ હાડવાને તેલ લીલી ચટણી સાથે, લસણની જોડે, સર્વ કરવો. ખુબ જ ટેસ્ટી, સ્વાદિષ્ટ હેલ્ધી બનશે.